વલસાડમાં આખરી ચરણમાં પડેલા વરસાદના કારણે પાલિકા દ્વારા કરાયેલા પેચવર્કની પોલ ખુલી પડી ગઇ




# વલસાડમાં વિસર્જનના માર્ગ પરથી 'બાપ્પા' કઈ રીતે જશે?

**વલસાડમાં** ગણેશ વિસર્જનનો માર્ગ અત્યંત બિસ્માર

**ગણેશ** વિસર્જન પહેલાં પેચ વર્ક શક્ય ન હોય વિસર્જનમાં તકલીફ ભોગવવી પડશે

**પાલિકાએ** કરોડો રૂપિયાના ખર્ચે શહેરના અનેક માર્ગોનું કરેલું પેચ વર્ક એક જ વરસાદમાં ઉખડી ગયું



વલસાડ : વલસાડમાં આખરી ચરણમાં પડેલા વરસાદના કારણે પાલિકા દ્વારા કરાયેલા પેચવર્કની પોલ ખુલી પડી ગઈ હતી. પાલિકાએ કરોડો રૂપિયાના ખર્ચે શહેરના અનેક માર્ગોનું પેચ વર્ક કર્યું હતું, જે એક વરસાદમાં જ ઉખડી ગયું હતુ. ત્યારે પાલિકાના એટલે કે લોકોના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં ગયા હોવાનું જોવા મળી રહ્યું છે. હાલ વિસર્જન આવી રહ્યું છે. વિસર્જનના રૂટના માર્ગોની પણ આવી જ હાલત હોય, ગણેશ વિસર્જનમાં શ્રીજીની પ્રતિમા સંભાળવા માટે મંડળોએ ખૂબ કાળજી રાખવી પડશે.

વલસાડમાં ગણેશ વિસર્જન પહેલાં બિસ્માર રોડના કારણે ગણેશ મંડળોની હાલત કફોડી બની છે. વિસર્જન રૂટના આઝાદ ચોક વિસ્તારમાં રોડ પર મોટા મોટા ખાડા છે. આ પછી વી.પી. રોડ બિસ્માર છે, રામવાડીના માર્ગો પણ બિસ્માર છે. તેમજ અન્ય વિસ્તારના ગણેશ મંડપો જ્યારે આઝાદ ચોક સુધી પહોંચે તેમના રૂટના અનેક માર્ગો અત્યંત બિસ્માર બન્યા છે. ત્યારે આ બિસ્માર રોડને લઈ ગણેશ મંડળોમાં રોષની લાગણી ફેલાઈ છે. જોકે, બહેરી પાલિકાના શાસકોને હવે કોઈ કંઈ પણ કહે, તો તેમના કાને પડતું નથી.

### પારડીના કોન્ટ્રાક્ટર નિલેશ દુબેનું પેચ વર્ક ઉખડી ગયું

વલસાડના માર્ગો પર પારડીના કોન્ટ્રાક્ટર નિલેશ દુબેએ પેચ વર્ક કર્યું હતું. જેમાં ખાસ કરીને વલસાડ વી.પી.રોડ પર રામજી મંદિર પાસેનો રોડ અત્યંત બિસ્માર બની ગયો છે. આ રોડ પરથી વાહન ચલાવવું તો શું, પરંતુ વડીલો માટે ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. ત્યારે આ અંગે પાલિકા કોઇ પગલાં ભરશે કે પ્રજાના પૈસે બીજું ટેન્ડર બહાર પાડી ફરીથી આવા હલકી ગુણવત્તાના રોડ બનાવશે.

### નવસારીના માર્ગો અને વલસાડના માર્ગોમાં ખૂબ તફાવત


વલસાડ જેટલો વરસાદ નવસારીમાં પડે છે. ત્યાંના રસ્તામાં પણ ખાડા પડી ગયા હતા, પરંતુ તેમના દ્વારા સિમેન્ટની ગુણમાં કોલ્ડ ડામર નાંખી ખૂબ જ ટકાઉ રીતે ખાડા પૂર્યા છે અને પેચવર્ક પણ કર્યું છે. જ્યારે વલસાડ જિલ્લામાં અને ખાસ કરીને વલસાડ પાલિકાના સત્તાધીશો દ્વારા શહેરી વિસ્તારમાં ખૂબ જ હલકી ગુણવત્તા સાથેનું પેચ વર્ક કરાવી શાસકોએ પોતાના ખિસ્સા ભર્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

# નવસારીની પરિણીતાના બે પુત્રી સાથેના આપઘાત કેસમાં પતિ વિરુદ્ધ ગુનો નોંધાયો

**પુત્રીનો** જન્મ થતાં પુત્ર કેમ ન થયો તેવી માનસિકતાને પગલે પતિ સતત ત્રાસ આપતો હતો

**નવસારીમાં** સેલ્સવુમન તરીકે નોકરી કરતી હોવાના કારણે પણ પતિએ શંકા કરી મોબાઇલ ફોન લઈ લીધો હતો





નવસારી : જમાલપુર ખાતે રહેતી અનાવિલ સમાજની પરિણીતાના બે માસુમ બાળકીઓ સાથે આપઘાત કેસમાં પરિણીતાને આપઘાતની દુષ્પ્રેરણા બદલ મૃતક મહિલાની માતાએ એફઆઈઆર નોંધાવતા નવસારી રૂરલ પોલીસે ગુનો નોંધી આરોપી એવા હાર્દિક નાયકની અટકાયત માટેની તજવીજ હાથ ધરી છે.

જમાલપુરમાં સિલ્વર સ્ટોન બંગ્લોઝમાં રહેતી 28 વર્ષીય ખેવના હાર્દિકભાઈ નાયકે બે પુત્રીઓ સાથે પૂર્ણા નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. સોમવારે બંને દીકરીઓ અને મંગળવારે માતાના મૃતદેહો જુદા જુદા સ્થળોએ પૂર્ણા નદીના કિનારેથી મળી આવતા, જે અંગેની જાણ થતાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વડોદ ગામે રહેતા મૃતક ખેવનાના માતા વર્ષાબેન અનિલભાઈ દેસાઈએ નવસારી રૂરલ પોલીસ મથકમાં પોતાની પુત્રી અને બે પૌત્રીઓના મોત અંગે જમાય 37 વર્ષીય હાર્દિક અશોકભાઈ નાયક જવાબદાર હોવાનું જણાવી ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં વર્ષા દેસાઈએ જણાવ્યું છે કે ખેવનાએ તેમને હાર્દિક બેકાર અને કામ ધંધા વગરના દારૂની ટેવ ધરાવતો હોવાનું રડતા રડતા જણાવ્યુ હતું. પુત્રી જન્મને લઈને પણ પુત્ર કેમ ન થયો તેવી માનસિકતા લઈને ટોર્ચિંગ કર્યા કરતો હતો અને પોતે નવસારીમાં સેલ્સવુમન તરીકે નોકરી કરતા હોવાના કારણે પણ હાર્દિક શંકા કરી વહેમ રાખતો હતો અને મોબાઇલ ફોન પણ લઈ લીધો હતો.

આટલુ ઓછું હોય બીજી વખતે પણ ખેવનાને પુત્રી જન્મવા બાબતને લઈને હાર્દિક દારૂ પીને જુલ્મ ગુજારી, ગાળા ગાળી સાથે શારીરિક માર મારી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી પણ આપતો રહેતો હતો.

આપઘાત પહેલાંના ચાર પાંચ દિવસથી હાર્દિક દારૂ પીને ખેવના સાથે ઝઘડો કરતો રહેતો હતો. છેવટે કંટાળીને ગત મંગળવારે સાંજે પોતાની બંને પુત્રીઓ સાથે પૂર્ણા નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. આ ફરિયાદને પગલે નવસારી રૂરલ પોલીસે કાયદાકીય કાર્યવાહી કરી હાર્દિક નાયક વિરુદ્ધ ગુનો નોંધીને આગળની વધુ તપાસ મહિલા પીએસઆઇ એચ આર બારોટે હાથ ધરી હતી.

અને પોતે નવસારીમાં સેલ્સવુમન તરીકે નોકરી કરતા હોવાના કારણે પણ હાર્દિક શંકા કરી વહેમ રાખતો હતો અને મોબાઇલ ફોન પણ લઈ લીધો હતો. આટલુ ઓછું હોય બીજી વખતે પણ ખેવનાને પુત્રી જન્મવા બાબતને લઈને હાર્દિક દારૂ પીને જુલ્મ ગુજારી, ગાળા ગાળી સાથે શારીરિક માર મારી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી પણ આપતો રહેતો હતો.

### સોશિયલ મીડિયા પર પતિ હાર્દિક નાયક સામે ફિટકાર વરસી રહ્યો છે

નવસારીમાં ખેવના નાયકે બે દીકરી સાથે આત્મહત્યા કરી લેવાના કેસમાં સોશિયલ મીડિયા પર દુષ્પ્રેરણા આપવાનો આરોપ જેના પર છે એ હાર્દિક નાયક ઉપર ફિટકાર વરસી રહ્યો છે. અનાવિલ સમાજના કહેવાતા શ્રી દયાળજી સેના ગૃપ અનાવિલ (ભાઠલા) ગૃપ, અનાવિલ બિઝનેસ ગૃપ, અનાવિલ યુનિટ ગૃપ, દયાળજી આશ્રમ ગૃપ, ઓલપાડ દેસાઈ ગૃપ, અનોખા અનાવિલ ગૃપ જેવા સોશિયલ મીડિયા ગૃપમાં અનાવિલોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ફક્ત અનાવિલ સમાજ જ નહીં અન્ય સમાજના સોશિયલ મીડિયા ગૃપો પર પણ આ ઘટના માટે જવાબદાર આરોપી સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રજા ઈચ્છે છે કે કસુરવારને આકરી સજા થવી જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### જ્યાં સુધી હિંસાની આગ શાંત નહીં થાય ત્યાં સુધી વિશ્વમાં શાંતિ નહીં થાય : પદ્મદર્શનવિજયજી



સુરત : સોમનાથ રોડ સ્થિત શ્રી ગોહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જગદગુરૂ હીરવિજયસૂરિજી મહારાજાની ૪૨૯મી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું. આ પાવન અવસરે પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે; મહાપુરુષોનું યોગદાન સમગ્ર વિશ્વ માટે હોય છે. કોઈએ જ્ઞાનના ક્ષેત્રે, કોઈએ મંત્ર-વિદ્યાના ક્ષેત્રે અને કોઈએ તપનાં ક્ષેત્રે ક્રાંતિ કરી છે. ગૃહસ્થોને કરિયર બનાવવામાં રસ છે તો સાધુ-સંતોનું લક્ષ્ય વિશ્વ માત્રને સુખી કરવાનું છે. સાધુ-સંતો અનેક સંઘર્ષોની વચ્ચે તકલીફો વેઠીને પણ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને શાંતિ, સુખ અને સમાધિનું પ્રદાન કરે છે. જૈન શાસનને હીરવિજયસૂરિજી મહારાજાનું યોગદાન વિશિષ્ટ કોટીનું હતું. જૈન, બુદ્ધ કે બ્રાહ્મણ રાજા સાથે રહીને જૈનાચાર્યોએ શાસનપ્રભાવના તો ઘણી કરી છે પણ મુસ્લિમ બાદશાહના શાસનમાં રહીને જૈન શાસનની પ્રભાવના કરનાર કોઈ હોય તો તે માત્રને માત્ર હીરવિજયસૂરિજી મહારાજા હતા.

### બીલીમોરાના ભાઠા ગામમાં જૂની અદાવતમાં યુવાન ઉપર ત્રણનો હુમલો

બીલીમોરા : બીલીમોરાના ભાઠાના રહીશને દસ વર્ષ પહેલાં ગામના જ યુવાન સાથે થયેલા ઝઘડામાં સમાધાન થઈ ગયા બાદ પણ તેના ઉપર હુમલો કરાતા ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ભાઠા ઘોડા ફળિયા રહેતા યોગેશ મનુભાઈ પટેલને ગામના યશ કૌશિકભાઈ પટેલ સાથે ઝઘડો થયો હતો. જેનું સમાધાન પણ થઈ ગયુ હતું, તેમ છતાં તા. ૩૧/૮/૨૦૨૫ એ યશ પટેલ, ક્રિશ પટેલ અને કેતુલ પટેલ (તમામ રહે, ભાઠા ઘોલ ફળિયા)એ યોગેશ પટેલ ઉપર લાકડાના ફટકાથી હુમલો કરતા ડાબા હાથ અને જમણાં પગમા ફ્રેક્ચર થતા બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યોગેશ પટેલે આ અંગે યશ પટેલ, ક્રિશ પટેલ અને કેતુલ પટેલ સામે બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### માછીવાડના દરિયા કાંઠે અજાણ્યા પુરૂષનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળ્યો

નવસારી : જલાલપોર તાલુકાના માછીવાડના દરિયા કાંઠે અજાણ્યા પુરૂષની કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. જાફરાબાદના લાપતા માછીમારોમાંથી કોઈની હોઈ શકે છે. મરોલી પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ માછીવાડના દરિયા કિનારે 35 થી 40 વર્ષના અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. મૃતદેહ ડિકમ્પોઝ હાલતમાં છે. આખા શરીર પર રેતી લાગેલી છે. માથું અને હાથ-પગ અને બીજા અંગો દરિયાઈ જીવો ખાઈ ગયાની હાલતમાં લાશ મળી હતી. શરીર ફૂલેલું તથા સફેદ તેમજ કાળું પડી ગયેલું છે. શરીરે લીલા રંગનું શર્ટ તથા ભુરા રંગનું પેન્ટ છે. ઓરેન્જ રંગનો રેઈનકોટ પણ પહેરેલો છે. મૃતકની ઉંચાઈ 5.3 ફૂટ છે. મૃત્યું દરિયાના પાણીમાં ડૂબી જવાથી થયું છે. સંભવ છે કે જાફરાબાદના લાપતા માછીમારોમાંથી કોઈની લાશ હોઈ શકે છે. ચહેરો ઓળખી શકાય એવો ન હોય વાલી વારસોને મરોલી પોલીસનો સંપર્ક કરવો.

### સરીગામ GIDCમાં ફાયરની સુવિધામાં વધારો, વોટર બ્રાઉઝરનું લોકાર્પણ



ઉમેશ સોલંકી

ઉમરગામ : સરીગામ GIDC માં ફાયરની સુવિધામાં વધારો થયો છે વધુ એક અત્યાધુનિક વોટર બ્રાઉઝરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. સરીગામ ઔદ્યોગિક વસાહતમાં નાની મોટી સહિત કેમિકલ ફેક્ટરીઓ આવેલી છે અનેકવાર આગના બનાવ બને છે ત્યારે ફાયરની સુવિધામાં વધારો ખૂબ જરૂરી હતો. બે ફાયરની ગાડીઓ હતી અને વધુ એક 12,000 લીટરની ક્ષમતાવાળી અત્યાધુનિક વોટર બ્રાઉઝર રૂપિયા દોઢ કરોડના ખર્ચે ખરીદવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારી દ્વારા એવી જાણકારી આપવામાં આવી હતી કે સરીગામ જીઆઇડીસીમાં નવા ફાયર સ્ટેશનના નિર્માણ માટે રૂપિયા 8.50 કરોડ જેટલી રકમ મંજુર થઈ છે. લોકાર્પણ પ્રસંગે સરીગામ નોટીફાઈડ ચેરમેન જે કે રાય, ચીફ ઓફિસર કુલદીપસિંધ સોલંકી, માજી એસઆઈએ પ્રમુખ શિરીષભાઈ દેસાઈ તથા સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ તથા ફાયર વિભાગના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગની મહિલાના અશ્લીલ ફોટા ઇન્સ્ટાગ્રામ પર મૂકી બદનામ કરનાર ઝડપાયો

**ડાંગ** જિલ્લા સાઈબર ક્રાઈમનાં પી.આઈ. પટેલની ટીમે ગણતરીનાં કલાકોમાં જ ગુનો ડિટેક્ટ કરી મહેસાણાથી ધરપકડ કરી



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં રહેતી એક મહિલાના અશ્લીલ ફોટા સ્ટોરીમાં મૂકી ફરિયાદીને બદનામ કરતી ફેક આઈડી ઈન્સ્ટાગ્રામમાં બનાવવામાં આવી હતી. જેને લઈને મહિલાએ ફરિયાદ નોંધાવતા ડાંગ જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલની ટીમ દ્વારા આ ગુનાનો ભેદ ઉકેલી આરોપીની અટકાયત કરી છે.

સાયબર ક્રાઇમ પોલીસ મથકે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદમાં ફેક ઈન્સ્ટાગ્રામ આઇ.ડી.બનાવી મહિલાના ફોટા તેમજ બીજા અશ્લીલ ફોટાઓ સ્ટોરીમાં મુકી ફરીયાદીને બદનામ કરતી ફેક ઈન્સ્ટાગ્રામ આઇ.ડી.બનાવેલી હતી. જે બાબતે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પી.આઈ. આર. એસ.પટેલની ટીમ દ્વારા વર્ક આઉટ કરી ટેક્નિકલ સોર્સ તેમજ એનાલીસીસની મદદથી ફેક ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. બનાવનાર આરોપી પ્રિતેશભાઈ રમેશભાઈ દળવી( ઉ.વ.19 રહે. માનકુનિયા બારી ફળીયુ તા.વાંસદા જી.નવસારી) ને મહેસાણાથી ઝડપી પાડ્યો હતો. ત્યારે પોલીસ આરોપીને અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગણદેવીનાં ભાટ ગામે વિદેશી બોટ દેખાતા તપાસનો ધમધમાટ



કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવીનાં ભાટ ગામે દરીયા કિનારે વિદેશી બોટ તણાઇ આવી હતી. આ શંકાસ્પદ બોટ ઉપર ઉર્દુ જેવી વિદેશી ભાષા અને અંગ્રેજી ભાષામાં લખાણો જોવા મળ્યા હતા. સમગ્ર મામલે ભાટના શિવશક્તિ ફળિયામાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા પરસોતમ ટંડેલે ધોલાઈ મરીનમાં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તે સાથે વીડિયોગ્રાફર અને એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળે ધસી ગઈ હતી.

# છીરીમાં પરિવાર સૂતો રહ્યો ને, 3 મોબાઈલ ચોરાઈ ગયા

વાપી : વાપીના છીરી વલ્લભનગર ખાતે નિલકંઠ એપાર્ટ. રૂમ નં. 107માં રહેતો અવિનાશ યાદવ આરતી કેમિકલ કંપનીમાં જુનિ. સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. 30-08-25ના રોજ રાત્રિ દરમિયાન તે અને તેની પત્નિ તેમજ સાળો જમી પરવારી સૂઈ ગયા હતા. તેમના ત્રણ મોબાઈલ ફોન બેડરૂમમાં મૂક્યા હતા. રસોડાની એક સ્લાઈડિંગ બારીમાંથી ચોર ઈસમે ઘરમાં ઘૂસી અવિનાશ અને તેની પત્નિનો 9-9 હજારનો મોબાઈલ અને તેના સાળાનો રૂપિયા 16 હજારનો મોબાઈલ સહિત કુલ રૂપિયા 34 હજારની મત્તા ચોરી કરી ભાગી ગયો હતો. બાદમાં અવિનાશ મહેન્દ્ર યાદવે બીજા દિવસે ડુંગરા પોલીસ મથકે પહોંચી મોબાઈલ ચોર વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડાંગનાં લહાનકસાડ ગામે મહિલાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

સાપુતારા : સુબીરના લહાનકસાડમાં રહેતી અંજુબેન રવિન્દ્રભાઈ પવારે ઝેરી દવા ગટગટાવી લેતા આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે સુબીર પોલીસ મથકે અંજુ પવારના ભાઈ કિરણ વાડુંએ સુબીર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### સોલધરામાં પરિવારની બોલાચાલીમાં માંઠુ લાગી આવતા યુવતીએ ઝેરી દવા પી લેતા મોત

ઘેજ : ચીખલી તાલુકાના સોલધરા ગામે ઘરના આંગણામાં ઉગેલું ઘાસ કાપવા બાબતે બે ભાઈઓ વચ્ચે થયેલી બોલાચાલીમાં એક ભાઇની દીકરીને ખોટું લાગી આવતા જંતુનાશક દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. બનાવની પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સોલધરા ગામના દુધિયા ફળીયા ખાતે રહેતા જીતુભાઇ ધીરુભાઇ પટેલ અને કિરણ ધીરુભાઈ પટેલ વચ્ચે બે દિવસ અગાઉ બારણામાં ઉઘેલા ઘાસ કાપવા બાબતે બોલાચાલી થઇ હતી. જે વાતનું મન દુઃખ થતા જીતુ પટેલની ૧૮-વર્ષીય દીકરી દિક્ષિતા પટેલને માઠું લાગી આવતા જંતુનાશક દવા પી લેતા સારવાર અર્થે ડુંગરી ખસેડાતા મંગળવારની સાંજના સમયે ફરજ ઓરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ એફ.એચ.પટેલે હાથ ધરી હતી.



અમૃત પટેલ

# બોલો, તસ્કરો પારડીની શાળામાંથી પાણીના નળ ચોરી ગયા

**શાળાના** કમ્પાઉન્ડમાં 2 ઈસમે પ્રવેશી ચોરી કરતા સીસી કેમેરામાં કેદ, આચાર્યની ફરિયાદ

પારડી : પારડીના કોટલાવ પ્રાથમિક શાળામાં પીવાના પાણી અને બાથરૂમ પાસે લાગેલા નળની ચોરી કરી ઈસમો ફરાર થઈ ગયા હતા. પારડી રેલવે સ્ટેશન પાસે આવેલી કોટલાવ પ્રાથમિક શાળામાં ગતરોજ 2 સપ્ટેમ્બરના રોજ સવારે રાબેતા મુજબ આચાર્ય -શિક્ષકો ફરજ ઉપર આવ્યા હતા. તે દરમિયાન શાળાના કમ્પાઉન્ડમાં પીવાના પાણીની ટાંકી પાસે તથા બાથરૂમ પાસે લાગેલા 11 નળ કોઈ સાધન વડે ખોલીને ચોરી કરી ગયા હોવાની જાણ થઈ હતી. આ બાબતે સીસીટીવી કેમેરા તપાસ કરતા રાત્રી દરમિયાન બે અજાણ્યા ચોર ઈસમો શાળાના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરી નળ 11 નંગ જેની કિંમત 2,200 ની ચોરી કરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર ઘટના બાબતે શાળાના આચાર્ય હસ્મિતા પટેલે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# તડગામમાં મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓએ દરિયાઈ સુરક્ષા અંગે જાણકારી આપી



ઉમેશ સોલંકી

**દરિયાઈ** માર્ગેથી થતી વિવિધ આતંકવાદી પ્રવૃત્તિ અટકાવવા અને કોઈ શંકાસ્પદ વ્યક્તિ મળે તો પોલીસની જાણ કરવા સૂચના આપી

ઉમરગામ : ઉમરગામના તડગામ ગ્રામસભામાં મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓએ દરિયાઈ સુરક્ષાઓ અંગે જાણકારી આપી હતી. ગુજરાત રાજ્યમાં દરિયાઈ સુરક્ષા સંભાળતા અતિ મહત્વપૂર્ણ કામગીરી કરતા મરીન ટાસ્ક ફોર્સના અધિક પોલીસ મહાનિર્દેશકની રાહબરી અને પોલીસ અધિકક્ષક એસ જે પરમાર હજીરા સુરતનાઓના માર્ગદર્શન હેઠળ મરીન સેક્ટર લીડર ઉમરગામના નાયબ પોલીસ અધિક્ષક એ એમ કુગરીયા, પો.સ.ઈ કે.સી પટેલ ઉમરગામ તાલુકાના તડગામ ખાતે ગ્રામ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને દરિયાઈ સુરક્ષા અંગે જાણકારી આપી હતી. દરિયાઈ માર્ગેથી થતી વિવિધ આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા દરિયાઈ કાંઠાના વિસ્તારમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ અથવા તો બિન વારસી વસ્તુઓ પેકેટ્સ, ડ્રગ,બોટ તથા ડ્રોન જોવા મળે તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા કંટ્રોલ રૂમને જાણ કરવા જણાવ્યું હતું. ગ્રામ સભામાં પંચાયતના સરપંચ, ઉપસરપંચ, સભ્યો, તલાટી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ખરીદનાર સાવધાન**

**નવસારી ડીસ્ટ્રીક્ટના, સબ ડીસ્ટ્રીક્ટ નવસારીના, શહેર નવસારીના, સયાજી રોડ ઉપર રણછોડજી મહોલ્લામાં આવેલ હનુમાન મંદિર સામે જૂના મ્યુનીસીપાલ વોર્ડ નંબર-૭ માં સીટી સર્વે ટીકા નંબર-૧૧/૮, સીટી સર્વે નંબર-૧૦૪ થી નોંધાયેલ મિલકત જેનું ક્ષેત્રફળ ૨,૭૭૨.૦૦ ચોરસ ફુટ જેના ચોરસ મીટર ૨૫૭.૫ તેમાં અઆવેલ જુના મિલકત નંબરો ૪૦૨, ૪૦૨-૧, ૪૦૨-૨ તથા ૪૦૨-૩ થી કે જે અનુક્રમે નવા મિલકત નંબર-૮૩૩, ૮૩૩/૧, ૮૩૩/૨ તથા ૮૩૩/૩ થી નોંધાયેલ બાંધકામ ચાલી આવેલ તે મિલકત બાબતે જાહેર ચેતવણી**

આથી લાગતા-વળગતા તમામને જણાવવામાં આવે છે કે, હમો નીચે સહી કરનાર **શ્રીમતી પુષ્પા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી તથા શ્રી રોહિત કાંતિલાલ પટેલના પત્ની,** રહેવાસી: ૨૮-૨૯, "શ્રધ્ધા" નિલમ પાર્ક સોસાયટી, ગણદેવી રોડ, મુ.પો.તા. જી. નવસારી-૩૯૬૪૪૫નાએ હમારી સહ માલિકીની ઉપરોક્ત મિલકત તથા અન્ય મિલકતો વિગેરે અંગે મે. નવસારીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં ૧. લતા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી, ૨. રેખા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી, ૩. શ્રીમતી રજની તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી તથા શ્રી કમલેશ આસનદાસ બકસાનીના પત્ની, ૪. મર્હુમ શ્રી રાજેષ ખેમચંદ ઠારવાણીના કાયદેસરના વારસો યા/અને કાયદેસરના પ્રતિનિધીઓ, ૪/૧ શિવાની રાજેષ ખેમચંદ ઠારવાણીના વિધવા, ૪/૨ હિમાની તે મર્હુમ રાજેષ ખેમચંદ ઠારવાણીના પુત્રી, ૪/૩ શ્રી ઝીલ રાજેષ ઠારવાણી, ૫. નેહા તે મર્હુમ હરીશ ખેમચંદ ઠારવાણીના વિધવા, ૬. ખુશ્બુ તે મર્હુમ હરીશ ખેમચંદ ઠારવાણીના દિકરી, ૭. શ્રી દેવ હરીશ ઠારવાણી તથા અન્યો વિરૂધ્ધ સ્પે. દિ.મુ.નં. ૮ સને ૨૦૨૧ નો દાવો વહેંચણ, મનાઈ વિ. દાદો મેળવવા કરેલો છે અને તે દાવો હાલે પેન્ડીંગ છે. જેથી ૧. લતા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી, ૨. રેખા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી, ૩. શ્રીમતી રજની તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી તથા શ્રી કમલેશ આસનદાસ બકસાનીના પત્ની, ૪. મર્હુમ શ્રી રાજેષ ખેમચંદ ઠારવાણીના કાયદેસરના વારસો યા/અને કાયદેસરના પ્રતિનિધીઓ, ૪/૧ શિવાની તે મર્હુમ રાજેષ ખેમચંદ ઠારવાણીના વિધવા, ૪/૨ હિમાની તે મર્હુમ રાજેષ ખેમચંદ ઠારવાણીના પુત્રી, ૪/૩ શ્રી ઝીલ રાજેષ ઠારવાણી, ૫. નેહા તે મર્હુમ હરીશ ખેમચંદ ઠારવાણીના વિધવા, ૬. ખુશ્બુ તે મર્હુમ હરીશ ખેમચંદ ઠારવાણીના દિકરી, ૭. શ્રી દેવ હરીશ ઠારવાણી વિગેરેને ઉપર જણાવેલી મિલકત તથા તેમાં ચાલી આવેલ ફીટીંગ્સ, ફીક્ષચર્સ વિગેરે કોઈપણ રીતે તબદીલ કરવા અંગે કાયદેસર રીતે કોઈ હકક, અધિકાર વિ. નથી અને લીસ પેન્ડન્સના સિધ્ધાંતનો પણ બાધ નડે છે. એ વિગેરે હકીકતોમાં જે કોઈ વ્યક્તિ સદર મિલકત વેચાણથી યા અન્ય રીતે તબદીલ કરશે-કરાવશે તેને તકરાર સિવાય કોઈ હકકો પ્રાપ્ત થશે નહીં, જેની નોંધ લેશોજી.

લિ.

શ્રીમતી પુષ્પા તે મર્હુમ ખેમચંદ કંગુમલ ઠારવાણીના દિકરી તથા શ્રી રોહિત કાંતિલાલ પટેલના પત્ની

તા. ૦૩-૦૯-૨૦૨૫

હમારી મારફત,
**સમીર કે. દેસાઈ**
(એડવોકેટ)

પીર મહોલ્લો, નવસારી-૩૯૬૪૪૫. ફોન : ૯૮૨૫૫ ૪૧૬૦૦